## જન્મદિને વધામણી



તારાબા અંબુજી વિહોલ
ગોપી ભજન મંડળ
મો. ૨૩૨૩૪૮૭૭



લક્ષ્મીબેન પી મકવાણા
મો. ૯૬૩૮૪ ૯૯૭૧૮



પ્રાન્શી પ્રકાશકુમાર પટેલ
મો. ૯૯૭૯૮ ૪૬૯૧૦



સ્વરા ચંદ્રકાન્ત હાજીપરા



ઈવા હેમલ રાવલ

# પ્રવાહની પસંદગી માટે મુંઝવણનો માહોલ







## અનેક ઉજ્જવળ કારકિર્દીના દરવાજા ખોલીને બેઠેલા આજના જમાનામાં ને ભણેલા-ગણેલા વાલીઓ દ્વારા પણ સાયન્સ પ્રવાહ માટે પોતાનાં પાલ્યોને કરવામાં આવતું દબાણ એ ખરેખર દુખ પમાડી ગયું

ગાંધીનગર, તા. ૨૯

એસએસસીનું પરિણામ જાહેર થતાં શહેરમાં 'કહીં ખુશી, કહીં ગમ'નાં દૃશ્યો તો જોવા મળ્યાં જ હતાં પરંતુ દિવસભર વાલીઓ પોતાના પાલ્યને કઈ ફૅકલ્ટીમાં પ્રવેશ અપાવવો તેની અસમંજસમાં જોવા મળ્યાં હતાં.

રિઝલ્ટ માટેની ઉત્તેજના વિદ્યાર્થીઓમાં રાતથી જ જોવા મળતી હતી. રિઝલ્ટ ઓનલાઈન સવારે ૯ વાગ્યાથી જોવા મળશે એવી વાતો ચર્ચામાં હતી પરંતુ મોટાભાગનાં ઘરોમાં ફોન વહેલી સવારથી રણકતા થઈ ગયાં હતાં. એકમેકના માધ્યમથી વિદ્યાર્થીઓને એવી જાણ થઈ ગઈ હતી કે રિઝલ્ટ તો રાત્રે દોઢ વાગ્યાથી ઓનલાઈન કરી દેવામાં આવ્યાં છે. અનેક વિદ્યાર્થીઓએ પોતાનાં રિઝલ્ટ ચૅક કરીને અન્ય વિદ્યાર્થીઓને આ માટેની જાણ ટૅલિફોન દ્વારા કરી હતી ને આ કારણે સવારે ૭ વાગ્યામાં તો આખું ગાંધીનગર જાણે ચેતનમાં આવી ગયું હતું અને સવારે ૭ વાગ્યા સુધીમાં તો લગભગ બધા જ વિદ્યાર્થીઓને પોતાના પરિણામની જાણ થઈ ચૂકી હતી. બૉર્ડની વેબસાઈટ ઉપર માર્કશીટ પણ મૂકી દેવામાં આવી હતી, એ કારણે માર્કશીટ પણ ડાઉનલોડ કરીને વધુ-ઓછા માર્કની ગણતરી પણ સવારે જ પૂર્ણ થઈ ચૂકી હતી. પછી ઈંતઝાર હતો માત્ર ફિઝીકલ માર્કશીટનો, જે આપવા માટે ૧૧ વાગ્યાનો સમય જાહેર કરવામાં આવ્યો હતો. અનેક ઉત્સાહી વાલીઓ ૧૧ વાગ્યે સ્કૂલમાં પહોંચી ગયા હતા, પરંતુ ૧૧ વાગ્યે તો રિઝલ્ટ શાળાઓ પાસેય આવ્યું નહોતું. એ કારણે વાલીઓને રિઝલ્ટ માટે રાહ જોવાનું કહેવામાં આવ્યું. આ કારણે વાલીઓની સંખ્યા પણ સ્કૂલમાં વધતી રહી ને શિક્ષકોની અકળામણ પણ. અડધા, પોણા કલાક પછી રિઝલ્ટ આવ્યાં ને શિક્ષકો અફડાતફડીમાં આવી ગયાં. કોને પહેલું રિઝલ્ટ આપવું ને કોને પછી આપવું એ અસમંજસ થઈ પડી કારણ કે સૌને પોતાનું રિઝલ્ટ પહેલાં જોઈતું હતું. આ કારણે ક્યાંક હળવી ગરમાગરમી પણ જોવા મળી તો ક્યાંક વળી શિક્ષકો ને વાલીઓએ સામસામે સમજાવટથી પણ કામ લીધું. સરવાળે ૧૨.૩૦ સુધીમાં રિઝલ્ટની કામગીરી સઘળે પૂર્ણ થઈ ચૂકી હતી. રિઝલ્ટની સાથે જ ઍડમિશનનું કામ પણ સ્કૂલ્સ દ્વારા ચાલુ કરી દેવામાં આવ્યું હતું ને જે વિદ્યાર્થીઓ, વાલીઓ પોતાની ફૅકલ્ટી બાબતે નિશ્ચિત હતા તેમણે આજે ઍડમિશન કન્ફર્મ પણ કરાવી લીધાં હતાં. અલબત્ત, મોટાભાગના વાલીઓ ને વિદ્યાર્થીઓ કઈ ફૅકલ્ટી લેવી તે બાબતે અનિશ્ચિત જોવા મળ્યા હતા. એમાંય મોટાભાગે એવું જોવામાં આવ્યું હતું કે વિદ્યાર્થીને પોતાને આર્ટ્સ અથવા કૉમર્સ ફૅકલ્ટી લેવાની ઈચ્છા હતી ને વાલીઓ સાયન્સ લેવા માટે દબાણ કરી રહ્યા હતા. કેટલાક વાલીઓએ તો પોતાના પાલ્યને સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરવાનું સમજાવવા માટે શિક્ષકોને વિનંતી પણ કરી હતી ને આ કારણે શિક્ષકો પણ મુંઝવણમાં મૂકાયા હતા. આમાં સમજાવવા કોને?

સાયન્સ પ્રવાહ માટે વાલીઓનો મોહ સમજી શકાય એવો છે ને એ ઘણો જૂનો છે. પોતાનું પાલ્ય ડૉક્ટર કે ઍન્જિનીયર બને ને ધૂમાડાબંધ રૂપિયા કમાય એવી માતાપિતાની ઈચ્છા હોય છે ને એ કારણે મોટાભાગે તેઓ પોતાનાં પાલ્યોને સાયન્સ પ્રવાહ લેવા માટે કહેતાં હોય છે. પરંતુ અનેક ઉજ્જવળ કારકિર્દીના દરવાજા ખોલીને બેઠેલા આજના જમાનામાં ને ભણેલા-ગણેલા વાલીઓ દ્વારા પણ સાયન્સ પ્રવાહ માટે પોતાનાં પાલ્યોને કરવામાં આવતું દબાણ એ વિદ્યાર્થીઓને, જાણકારોને દુખ પમાડી ગયું. 'અમે તો અમારાં સંતાનોને જે ફૅકલ્ટી લેવી હોય એ લેવાની છૂટ આપી છે' એવા જાહેરમાં બોલાતા શબ્દો માત્ર શબ્દો જ હતા, પોતાના માતાપિતાની લાગણી નહીં, એ હકીકતનો ઘણા વિદ્યાર્થીઓએ આજે અહેસાસ કર્યો હતો. અલબત્ત, આ વખતે ઍસઍસસીના રિઝલ્ટ બાદ વિદ્યાર્થીઓનો આર્ટ્સ ફૅકલ્ટીમાં જવા માટેનો રસ વધુ જોવા મળ્યો હતો. શહેરની મોટાભાગની શાળાઓની બહાર ટ્યુશન ક્લાસીસ અને નવી સ્કૂલ્સની જાહેરખબર માટે માણસો તૈનાત કરવામાં આવ્યા હતા. કાપડની પ્રિન્ટેડ બૅગમાં પોતાનું રંગીન જાહેરખબર સાહિત્ય મૂકીને શાળાએ આવતાં-જતાં વિદ્યાર્થીઓ, વાલીઓને આગ્રહપૂર્વક આ બૅગ પકડાવવામાં આવતી હતી. સાહિત્યનાં કાગળો માટે તો નહીં, પરંતુ બૅગની લાલચે મોટાભાગના વિદ્યાર્થીઓ, વાલીઓએ આ બાબતનો ઈનકાર નહોતો કર્યો. અલબત્ત, બૅગની લાલચે અનેક કાગળો રસ્તામાં જ ફેંકી દેવાતાં મોટાભાગની સ્કૂલ્સની બહાર રસ્તા ઉપર કાગળોનો કચરો જમા થઈ ગયો હતો. ટ્યુશન ક્લાસીસ ને સ્કૂલ્સવાળા પોતાની જાહેરખબરો કરીને ચાલ્યા ગયા હતા, પરંતુ કોઈએ પોતાના કારણે થયેલો કાગળોનો કચરો લેવાની તસ્દી લીધી નહોતી.

### જાહેરખબર માટે બાળકોનો દુરુપયોગ

એકસાથે મોટા પ્રમાણમાં ને અસરકારક જાહેરખબર કરવાની લ્હાયમાં શહેરના એક જાણીતા ટ્યુશન ક્લાસના સંચાલકો દ્વારા કાયદા વિરુદ્ધનું કૃત્ય પણ કરવામાં આવ્યું હતું, પરંતુ રિઝલ્ટના ઉત્સાહમાં ડૂબેલા વાલીઓનું એ તરફ ધ્યાન નહોતું પડ્યું ને એ કારણે ક્લાસ વિરુદ્ધ કોઈ ફરિયાદ થઈ શકી નહોતી. અલબત્ત, એકાદ જાગૃત નાગરિકે આ બાબતની નોંધ લીધી હતી પણ તેનુંય કોઈ ખાસ પરિણામ આવ્યું નહોતું. એક ટ્યુશન ક્લાસ દ્વારા પોતાની જાહેરખબરનું સાહિત્ય વહેંચવા માટે સ્કૂલની બહાર જે છોકરાઓ રોકવામાં આવ્યા હતા, તે છોકરાઓ ગરીબ ઘરના તો હતા જ, પરંતુ સાથે-સાથે ઓછું ભણેલા અને કાચી વયના હતા.

જાહેરખબર માટે રોકવામાં આવેલા છોકરાઓ ગરીબ ઘરના હતા એ તો સમજી શકાય એવી વાત છે, પરંતુ આ છોકરા બાળવયના હતા એ વાત ખટકી. કાયદા મુજબ નાની વયના છોકરાઓ પાસે કામ ન કરાવી શકાય એ આ ટ્યુશન ક્લાસના સંચાલકો પણ સારી પેઠે જાણે છે, પરંતુ પૈસા બચાવવાની લ્હાયમાં કે પછી સમયસરના આયોજનના અભાવે તેમણે આ કૃત્ય આચર્યું હતું, જે ઘણું જ નિંદનીય છે.

નાનાં બાળકોને બદલે છૂટક કામ કૉલેજના વિદ્યાર્થીઓ પાસે કરાવ્યું હોત તો એમને લોકો સાથે કામ પાર પાડવાની આદત પણ પડત અને બે પૈસા તેઓ કમાઈ પણ શકત એ બાબત ધ્યાને લઈ ટ્યુશન ક્લાસના સંચાલકોએ પુનઃ આ પ્રત્યે ધ્યાન આપી બાળકોનો આવાં કાર્યો માટે ઉપયોગ બંધ કરવાની આવશ્યકતા છે.

ડાયરેક્ટ ❤ સે
મોજ
મનથી થઈ શકે
ધનથી
માત્ર ચૂકવણી થઈ શકે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સચિન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧.૩૦
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન (૩ડી, અંગ્રેજી) ૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧.૦૦, ૪.૦૦
હિન્દી મીડિયમ
૭.૦૦
હાફ ગર્લફ્રેન્ડ
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૪૫, ૬.૪૫
બાહુબલિ-૨
૩.૩૦, ૯.૩૦
સચિન
સવારે ૧૦.૦૦

## વેસ્ટર્ન એગ્રી સીડ્સના નારણભાઈ અને ગુરુબંધુ ભગવાનભાઈ એકસાથે લગ્નની વર્ષગાંઠ ઉજવશે







ગાંધીનગર, તા. ૨૯

વેસ્ટર્ન એગ્રી સીડ્સના ઍમડી નારણભાઈ પી પટેલ અને તેમનાં ધર્મપત્ની નર્મદાબેન દાંપત્યજીવનનાં ૪૦ વર્ષ પૂર્ણ કરી રહ્યાં છે અને નારણભાઈના ગુરુબંધુ ભગવાનભાઈ તથા તેમનાં ધર્મપત્ની સીતાબેન તેમનાં લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યાં છે. આ બંને પ્રસંગની ઉજવણી બંને પરિવારો દ્વારા એકસાથે હાથ ધરવામાં આવી છે.

વેસ્ટર્ન બાયો વેજીટેબલ સીડ્સ પ્રા.લિ., રામવાડી, ગાંધીનગર-માણસા રોડ ખાતે આ ઉજવણી સોમવાર રાતથી જ આરંભાઈ ગઈ છે. સોમવારે રાત્રે ૯ કલાકે રાસ-ગરબા અને મંગળવારે ભોજન સમારંભ સાથે લગ્નની વર્ષગાંઠની ઉજવણીનું આયોજન વેસ્ટર્ન એગ્રી સીડ્સ પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

## નાના ઉદ્યોગકારોને એવોર્ડ

અમદાવાદ, તા. ૨૯

ક્વોલીટી માર્ક ટ્રસ્ટ તરફથી મેઈક ઈન ઈન્ડિયા અંતર્ગત બિઝનેસમાં ઉત્તરોત્તર ખૂબ જ વધારો થઈ રહ્યો છે ત્યારે ગુજરાતનો બિઝનેસનું હબ બની ગયું છે એવા સમયે ગુજરાતમાં મોટા ઉદ્યોગોની સાથે સાથે નાના-નાના ઉદ્યોગો, ઈન્ડસ્ટ્રી દ્વારા પણ ખુબ જ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ બનાવવામાં આવી રહી છે. આવા અનેક બિઝનેશ સાથે સંકળાયેલા કુલ નવ ઈન્ડસ્ટ્રીઝને ક્વોલિટી માર્ક ટ્રસ્ટ તરફથી એવોર્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડિયાએ જણાવ્યું કે, આ પ્રસંગે વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડિયાએ જણાવ્યું કે, કોઈપણ પ્રોડક્ટની સફળતા તેની ઉત્તમ ગુણવત્તામાં સમાયેલી છે. જે ઉદ્યોગો નાના પાયે કામ કરી રહ્યા છે તેઓ જો ઉત્તમ ક્વોલિટીવાળી વસ્તુનું ઉત્પાદન કરશે તો ગ્રાહક વર્ગ સામેથી જ આ પ્રોડક્ટની માંગ વધારશે એમ તેમણે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ક્વોલિટી માર્ક ટ્રસ્ટ તરફથી ગુજરાતના રોજગાર નિર્માણમાં ફાળો આપનાર નવ ઉદ્યોગોને ફિલ્મ અભિનેતા અરબાઝખાન તથા ક્વોલિટી માર્ક ટ્રસ્ટના પ્રેસિડેન્ટ કેતલ્ય ઠક્કર દ્વારા એવોર્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે.

## સ્મિત મ્યુઝિક દ્વારા ૧૦મી જૂને 'એક શામ અમિતાભ કે નામ'

### રોનક મોડ્યુલર ફર્નીચરના સૌજન્યથી આયોજિત કાર્યક્રમમાં ગાંધીનગરના સિંગર્સને સ્ટેજ પ્રિવીલેજ અપાશે

ગાંધીનગર, તા. ૨૯

સ્મિત મ્યુઝિક દ્વારા રોનક મોડ્યુલર ફર્નીચરના સૌજન્યથી 'એક શામ અમિતાભ કે નામ' શિર્ષક હેઠળ ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં જ્યોતિ ગજ્જર-ભરત ગજ્જરે જણાવ્યું છે કે આગામી તા. ૧૦ જૂનના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ખાસ ગાંધીનગરના સિંગર્સને સ્ટેજ પ્રિવીલેજ આપવામાં આવ્યું છે અને કાર્યક્રમ સૌ માટે નિઃશુલ્ક યોજવામાં આવ્યો છે.

કાર્યક્રમ અંતર્ગત અમિતાભની ફિલ્મોનાં ગીતો રજૂ થશે તથા જુનિયર અમિતાભ પોતાના પરફોર્મન્સથી અમિતાભની ઉપસ્થિતિની ઝાંખી કરાવશે.

આ પ્રસંગે રોનક ફર્નીચરના દિનેશભાઈ, રાજેશભાઈ, કિશોર ક્લાસીસના કિશોર સર, બળવંત સર, ડૉ. અજય, ઝીલુભા ધાંધલ, મયુર પટેલ, જગતભાઈ કારાણી, નીતિન પટેલ, બકુલ પંજવાણી, સંજયભાઈ થોરાત, રમજુભા જાડેજા, સુશીલાબા, આશાબા સરવૈયા તથા કલા સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# રોદણાં રોવાનાં બહાનાં હજાર હોય છે




આગળ વધવું હોય તો રોદણાં રોવાના છોડવા પડે. મોટા બનવું હોય તો નાની-નાની વાતોમાં સમય વ્યતીત કરવાનું ન પાલવે. માણસ પાસે રોદણા રોવાના હજાર બહાના હોય છે. એક ચોક્કસ ફોર્મેટમાં જ જીવવાનું અને ધાર્યા પ્રમાણે ન બને એટલે પછડાટ અનુભવી માયુસ થઈ જવાની માનસિકતા જ જીવનને નિરસ બનાવી દે છે. ગમગીન બનાવી દે છે.

એક ભાઈ એના મિત્રને કહે કે, 'મારી પત્ની કોઈ પણ વાતે મારી સાથે સહમત થતી નથી. કાયમ કોઈને કોઈ વાતે કજીયો કરે છે. એના આવા સ્વભાવથી મારું જીવન એણે બદતર બનાવી દીધું છે. પત્નીની વર્તણૂંકની મુશ્કેલી કરતાં મૂળ તકલીફ રોદણાં રોવાની એમની મનઃસ્થિતિની છે. શું એમના મિત્ર આગળ એમણે વ્યક્ત કરેલી વાત અને રોયેલા રોદણાંથી એમનો મિત્ર પત્નીને બદલી આપશે ? કે પછી પત્નીનો સ્વભાવ બદલાઈ જશે ? શા માટે પોતાની તકલીફને મોટું સ્વરૂપ આપી અન્ય પાસે એની દયામણી રજૂઆત કરીને 'સિમ્પથી' લેવાની મનોવૃત્તિ રાખવી જોઈએ ?



જે વ્યક્તિથી સમસ્યા થતી હોય કે જેની વર્તણૂંક સામે પ્રશ્ન હોય એ જ વ્યક્તિને 'પોઈન્ટ બ્લેન્ક 'વાત કેમ ન કરાય ? સમસ્યા એકની સાથે હોય અને સમાધાન અન્ય વ્યક્તિઓ પાસે શોધવા માણસો ફાંફાં મારે છે. પરિણામે પ્રશ્નનો ઉકેલ તો નથી જ આવતો પણ એ વધુને વધુ વકરતો જાય છે. માનસપટ ઉપર એ સમસ્યા વધુ વિકરાળ ભરડો લેતી જાય છે. જે વ્યક્તિ પાસે દુઃખડા રડવામાં આવે એ વ્યક્તિ સામાન્ય રીતે ઠાવકુ મોં રાખીને એક કાને સાંભળીને બીજા કાનેથી તમારી દર્દભરી દાસ્તાન કાઢી નાખે છે. એને તમારી સમસ્યાના સમાધાનમાં રસ હોતો જ નથી. મનમાં એ તમારા રોદણાથી રાજી થતો હોય છે. બે-પાંચ હજારમાં એકાદ વ્યક્તિ તમારી સમસ્યાનું સમાધાન શોધવા 'જેન્યુઈન' પ્રયાસ કરતો હોય છે.

મારા વ્યવસાયમાં મંદી છે, મારો પુત્ર મને ગાંઠતો નથી, મારી દીકરીને કોઈકની સાથે લફરૂં છે, સમજતી નથી, પત્ની કંકાસ કરે છે, પતિ પાસે મારી માટે ટાઈમ નથી, પપ્પા ચીંગુસ છે, એમના હાથે પૈસા છૂટતા નથી... વગેરે વગેરે ગણવા બેસીએ તો હજારો રોદણાંઓની યાદી લાંબીને લાંબી બનતી જાય. આ બધી સમસ્યાઓનો અંત દુઃખડા વ્યક્ત કરવામાં છે ખરો ! જેની સામે દુઃખડા રડવામાં આવે એ પ્રશ્ન હલ કરી શકશે ખરો ? ઘણા લોકો તો એવા હોય છે કે, સરસ મઝાની હોટલમાં ભોજન માટે નિમંત્રણ આપ્યું હોય, ૧૦૦ વાનગીઓ ભોજનના થાળમાં હોય. સાત-આઠ મીઠાઈઓ, પાંચ-સાત ફરસાણ, જ્યુસ, અથાણાં, પાપડ, શાકભાજી, સલાડ, ફ્રૂટ, આઈસ્ક્રીમ, સુપ વગેરે વગેરે. આટ આટલી વાનગીઓ થાળીમાં હોય અને પૂછો કે, 'બોસ, ડીશ બરાબર લાગી ને... ભોજન ભાવ્યુને...' તો મોઢું સહેજ વાંકુ કરી કહે કે, "આમ તો ઠીક, પણ અંજીરનો હલવો હોત તો ઓર મોજ પડી જાત." આવા વ્યક્તિને શું કહેવું...! ૫૬ ભોગ થાળીમાં હોય અને એક ચકતુ અંજીરના હલવા માટે રોદણાં રોઈ શકે એની આનંદ કરવાની અને આગળ જોવાની તમન્ના જ મરી પરવારી હોય છે.

જીવનમાં સમસ્યાઓ હોય, મુશ્કેલીઓ આવે, તકલિફો તો રહેવાની જ. જો સમસ્યા, મુશ્કેલી, તકલીફ કે પ્રશ્ન નથી તો એવા જીવનનો કોઈ અર્થ નથી. પ્રશ્નો વગરની એકધારી સવલતસભર જિંદગી થોડા સમયમાં જ બોરીંગ લાગવા લાગે. સમસ્યા વગરનું જીવન ત્રાસ આપે. કાળી ડીબાંગ રાત વગર સવારના સુરજના કુમળા તડકાની કોઈ વેલ્યુ જ નથી સમજાતી. સમસ્યાઓમાંથી જ નવી તાકાતનું સર્જન થયું હોય છે. પ્રશ્નોમાંથી જ પરિવર્તન થતુ હોય છે. મુશ્કેલીમાંથી જ આગળ વધવાનો મહામાર્ગ મળતો હોય છે. સમસ્યાઓ તમારી છે. એની સામેની લડાઈ પણ તમારે જ લડવાની છે. યોદ્ધો નીડર હોય. આગળ વધતો હોય. એની આંખોમાં ચમક હોય. એના ચહેરા ઉપર આત્મવિશ્વાસ છલકતો હોય. સમસ્યા સામે ઘુંડણીએ ન પડાય. સામનો કરવો પડે. કોઈ તમને માર્ગ બતાવી શકે પણ ચાલવાનું તો તમારે સ્વયં જ હોય. હજારો પુસ્તકો કે અનેક લેખો તેમના અનુભવો કે વિચારો આપી શકે. એને અમલમાં તો તમારે જ મૂકવા પડે. તમારી લડાઈ કોઈ બીજો કેમ લડે ? તમારે જ સમસ્યા સામે શસ્ત્ર ઉપાડીને વીર-યોદ્ધા બનવું પડે.

આપણી જિંદગી આપણે રોજે રોજ બનાવીએ છીએ. સમસ્યાઓનો હસતા મોંએ શાંત ચિત્તે મુકબલો કરવાની જગ્યાએ રોદણાં રોવામાં સમય બગાડનારો મોટો નથી બની શકતો. બહુ 'પર્સનલ' બનવામાં સાર નથી. જેને આજે તમારી સૌથી નજીક સમજો છો અને તમારી દાસ્તાન સંભળાવો છો, એ જ વ્યક્તિ કદાચ કાલે તમારાથી સૌથી દૂર પણ હોઈ શકે છે. 'હાઈ એનર્જીવાળા' ઉર્જાવાન લોકો સાથે રહેવું પડે. ઉર્જાવાન લોકો સામે કોઈપણ સમસ્યા રજૂ કરશો તો કહેશે "છોડ યાર, આ તો બહુ નાની વાત છે. આના કરતાં પણ પહાડ જેવડી મોટી મુશ્કેલી મારી જિંદગીમાં આવી ત્યારે મે એને આમ ચપટીમાં દૂર કરી હતી." રોવાવાળાની જમાતમાં સમસ્યાનું સમાધાન તો નથી જ મળતું પણ પ્રશ્ન 'ડિપ્રેશન'ના લેવલ સુધી પહોંચી જાય છે.

જે વ્યક્તિ રોવાનું છોડીને સમશ્યાનો દ્રઢતાથી મુકાબલો કરતો હોય છે, તે કદાચ આગળ ન વધી શક્યો હોય એવું બને પણ હૃદયથી અને મનથી સંતુષ્ટ અને તરોતાજા જરૂર બનતો હોય છે. જ્યારે તમે કોઈ નિર્ણય નથી લેતા તો તે પણ તમારો એક નિર્ણય જ છે. જીવનના નાના-મોટા વળાંકો ઉપર ઊભા રહી તાકી ન રહેવાય. નિર્ણય લઈ આગળ વધવું પડે. તમારી કોઈ ભુલ માટે બીજાને દોષ ન આપી શકાય. બહાનાબાજી સૌથી મોટી કાયરતા છે. રડવાથી કશું નહીં બદલાય. સમયસર અને ઝડપી નિર્ણય જીવનમાં બદલાવ લાવતો હોય છે. જીવનમાં એક નિર્ણય લઈ લેવો જોઈએ કે, 'કોઈની પણ આગળ રોદણાં રોવા નથી.' સમસ્યાઓનો હસતા મોંએ સામનો કરી આગળ વધવા હંમેશા તૈયાર રહેનારની જીત થાય.

**ધબકાર**

'મારા જીવનમાં મુશ્કેલીઓ ન આવે...' એવી ઈશ્વરને પ્રાર્થના કરવા કરતાં, 'સમસ્યાઓનો મુકાબલો કરવા પ્રભુ મને શક્તિશાળી યોદ્ધો બનાવ' એવી પ્રાર્થના વધુ કારગત નીવડે છે.